# અમદાવાદ, સુરત પછી વડોદરાને મેટ્રો ટ્રેનની ભેટ મળશે, ૫૬૦૮ કરોડના ખર્ચે ટ્રેન દોડાવાશે

**અમદાવાદ તા.૧૮**

ગુજરાતમાં અમદાવાદ અને સુરત બાદ હવે વડોદરાવાસીઓને પણ મેટ્રોની સુવિધા મળશે. વાત જાણે એમ છે કે, વડોદરામાં રૂપિયા 5,608 કરોડના ખર્ચે મેટ્રો ટ્રેન દોડાવાશે. લાઈટ અર્બન રેલ ટ્રાન્સિટ સિસ્ટમની વડોદરાવાસીઓને ભેટ મળશે. જેને લઈ કેન્દ્ર અને રાજ્ય સરકાર સાથે મ્યુનિસિપલ કમિશનર અને સ્ટેન્ડિંગ ચેરમેને ચર્ચા કરી હોવાનું જાણવા મળે છે.

વિગતો મુજબ વડોદરામાં 43.2 કિલોમીટરમાં મેટ્રો ટ્રેનનું નેટવર્ક પથરાશે.વડોદરા મ્યુનિશિપલ કોર્પોરેશન દ્વારા ટ્રાફિક સરવે અને વસ્તી ગણતરીની કામગીરી પૂર્ણ થઈ ચૂકી છે. જેથી હવે મેટ્રો ટ્રેન અને મલ્ટી મોડેલ ઈન્ટીગ્રેશન નેટવર્ક ઉભું કરાશે.



ગુજરાતમાં અમદાવાદ અને સુરત બાદ હવે વડોદરાવાસીઓને પણ મેટ્રોની સુવિધા મળશે. વાત જાણે એમ છે કે, વડોદરામાં રૂપિયા 5,608 કરોડના ખર્ચે મેટ્રો ટ્રેન દોડાવાશે.લાઈટ અર્બન રેલ ટ્રાન્સિટ સિસ્ટમની વડોદરાવાસીઓને ભેટ મળશે. જેને લઈ કેન્દ્ર અને રાજ્ય સરકાર સાથે મ્યુનિસિપલ કમિશનર અને સ્ટેન્ડિંગ ચેરમેને ચર્ચા કરી છે. વિગતો મુજબ વડોદરામાં 43.2 કિલોમીટરમાં મેટ્રો ટ્રેનનું નેટવર્ક પથરાશે. વડોદરા મ્યુનિશિપલ કોર્પોરેશન દ્વારા ટ્રાફિક સરવે અને વસ્તી ગણતરીની કામગીરી પૂર્ણ થઈ ચૂકી છે. જેથી હવે મેટ્રો ટ્રેન અને મલ્ટી મોડેલ ઈન્ટીગ્રેશન નેટવર્ક ઉભું કરાશે. માહિતી મુજબ નોર્થ કોરિડોર GSFCથી સુશેન સર્કલ સુધી મેટ્રો દોડશે. સાઉથ કોરિડોર કાલાઘોડાથી સુશેનથી મકરપુરા નેશનલ હાઈવે સુધી, વેસ્ટ કોરિડોર સેવાસી ગોત્રી કેનાલ રોડથી કાલાઘોડા સર્કલ સુધી અને ઈસ્ટ કોરિડોર કાલાઘોડાથી વાયા માંડવી ગેટ થઈને વાઘોડિયા ચોકડી સુધી રહેશે.

## નોર્થ કોરિડોર GSFCથી સુશેન સર્કલ સુધી, સાઉથ કોરિડોર કાલાઘોડાથી સુશેનથી મકરપુરા નેશનલ હાઈવે સુધી, વેસ્ટ કોરિડોર સેવાસી ગોત્રી કેનાલ રોડથી કાલાઘોડા સર્કલ સુધી અને ઈસ્ટ કોરિડોર કાલાઘોડાથી વાયા માંડવી ગેટ થઈને વાઘોડિયા ચોકડી સુધી રહેશે

# ડિંડોલીનો વેપારી પરિવાર સાથે અયોધ્યા ગયો અને ઘરેમાંથી સાડાચાર લાખની ચોરી

**સુરત, તા.૧૮**

ડિંડોલીમાં રહેતો મોબાઈલનો વેપારી દિવાળી નવા વર્ષના તહેવારને લઈ પરિવાર સાથે અયોધ્યા ગયો હતો. દરમિયાન તેના બંધ મકાનને નિશાન બનાવી તસ્કરો કબાટમાંથી રોકડા રૂ.૪.૫૪ લાખની ચોરી કરી ગયા હતા.

પ્રાપ્ત વિગતો અનુસાર ડિંડોલી મહાદેવ નગરમાં રહેતો સુધીરકુમાર ત્રિભુવનપ્રસાદ સિંગ (ઉ.વ.૨૮) તેના ઘર નજીક જ મોબાઈલની દુકાન ધરાવે છે. દિવાળી નવા વર્ષના તહેવાર ઉપર સુધીરકુમાર તેના વતન અયોધ્યા ખાતે ફરવા ગયો હતો. દરમિયાન ઘરાકીનો સમય હોય સુધીરકુમારનો મોટો ભાઈ સુરત જ હતો. તહેવારને લઈ વકરાના રૂ.૪.૫૦ લાખ ભેગા થયા હતા. જથી પંકજની પણ રાત્રે ટ્રેન હોવાથી ભાઈ સુધીરને આ અંગે પુછ્યું હતું. સુધીરે પૈસા ઘરે કબાટમાં મુકીને આવવા પંકજને જણાવ્યું હતું. જેથી તિજોરીમાં રૂપીયા મુકી લોક કરી વતન જવા નિકળી ગયો હતો. તે વતન પહોંચે તે પહેલા જ સવારના સમયે પડોશીએ જણાવ્યું હતું કે તેના ઘરના દરવાજાનું તાળુ તુટેલુ છે. સુધીર તાત્કાલિક અયોધ્યાથી પરત સુરત આવી ગયો હતો અને કબાટની તિજોરી ચેક કરતા તેમાંથી રોકડા રૂ.૪.૫૪ લાખ ચોરી થઈ ગયા હતા. આ મામલે સુધીરે ડિંડોલી પોલીસ મથકે ફરીયાદ નોંધાવી હતી.



# પોતાની ગાથા બીજે દિવસે ભૂલી જવાય ને કોઈની ગાળો બીજે વરસેય યાદ રહે કેવું!: યશોવર્મસૂરીજી

**સુરત તા.૧૮**

૭૦ વર્ષેય નાણાં કમાવવા દુકાને બેસતા- ઓફિસે જતા કે ધંધો વધારતા માણસને શરમ નથી આવતી ઉપરથી સ્ટેટશ લાગે છે પણ એથી અડધીથીય ઓછી ઉમરે જ્ઞાન મેળવવા- સુત્ર ભણતા ગાથા ગોખવા પાઠશાળાએ જતા શરમ આવે છે ને લોકો શું કહેશે! કેવું લાગશે! જૈન ધર્મના શ્રેષ્ઠને ઉત્કૃષ્ટ પર્વોમાં જેની ગણના થઈ છે. એ જ્ઞાન પંચમી પર્વની અત્યન્ત ભવ્ય ઉજવણી- ૪૫ આગમની પ્રતોને ૪૦૦ વર્ષોથીય અધિક જૂની હસ્તલિખીત પ્રતોની પૂજાવિધિ- દેવવંદન સાથે ઉમરગામ સ્ટે. રોડ સ્થિત શીતલટાઉન શીપમાં વર્લ્ડ રેકોર્ડ માત્ર ૪૫ દિવસમાં બનેલા આરસના શીખર બંધી જિનાલય પરિસરમાં વિરાટ ઉપધાનતપ નગરીમાં પૂજ્યપાદ શ્રધ્ધેય પ્રભાવક આચાર્ય ભગવંત ગુરૂદેવશ્રી યશોવર્મસૂરીશ્વરજી મહારાજ તથા વિધ્યર્ય પૂ.આ.શ્રી ભાગ્યસૂરીજી મ.સા. મધુર પ્રવચનકાર આ.શ્રી હ્રીંકારયશ સૂ.મ.ની નિશ્રામાં ચારેબાજુથી ઉમટેલા યુવાનો-યુવતીઓને જંગી જનમેદનીએ જ્ઞાનપર્વની ઉપાસના કરી હતી...

સંવત્સરી મહાપર્વ જેટલું મહત્વ ધરાવતી આ જ્ઞાનપંચમી પર્વની આરાધના ઉપવાસ,તપ-જપ-ખમાસણા સાથે કરી હતી ને પૂ.ગુરૂદેવશ્રીએ ફરમાવ્યું હતું કે. પતંગોત્સવને ઉજાણીના દિવસો શસ્ત્રપૂજાના તહેવારે- લક્ષ્મી પૂજાના દિવસો ઘણાબધા ઉજવે છે પણ માત્ર એક જૈન ધર્મમાં જ સ્પેશિયલ જ્ઞાનપર્વનું અનોખુ આયોજન છે. જેનું નામ જ્ઞાનપંચમી પર્વ છે. આ પર્વનિમિત્તે પૂ.સાધૂ-સાધ્વીજી મ.ને અનેકાનેક બાળકો-બાળકીઓ-ભાઈ-બેનોએ ૫૧ ગાથા કંઠસ્થ કરી રેકોર્ડ કર્યો હતો. રોજ પ્રવચન સવારે ૧૦.૩૦ કલાકે તા.૨૭ નવે.ના ચાર્તુમાસ પરિવર્તનને ગિરિરાજની ભાવયાત્રાનું આયોજન થશે. તા. ૨૮ નવે. બોરડીમાં પ્રવેશ- દીક્ષાર્થી કેલીની વર્ષીદાન યાત્રા તા. ૧ ડિસે. દીક્ષા.

## ૪૦૦ વર્ષોથી વધુ જૂની હસ્તલિખિત પ્રતોની પૂજાવિધિ અને દેવવંદના કરવામાં આવી

# લિંબાયતમાં ઘરકંકાસમાં પતિએ જ પત્નીની હત્યા કરવાના ઈરાદે માથામાં હથોડીના ઘા ઝીંક્યા હતા

**સુરત, તા.૧૮**

લીંબાયતના મદનપુરા ખાતેના એક ઘરમાં વૃદ્ધ મહિલા પર બે અજાણ્યા ઘુસીને કોઈ બોથડ પદાર્થ મારીને નાસી નાસી ગયા હોવા અંગેની ફરિયાદ મહિલાએ લીંબાયત પોલીસ મથકમાં નોંધાવી હતી. જોકે પોલીસની તપાસમાં મહિલાના પતિએ જ ઘરકંકાસમાં પત્ની પર જીવલેણ હુમલો કરી દીધો હતો. જોકે પોલીસે સીસીટીવી કેમેરા ચેક કર્યા હતા જેમાં કોઈની અવરજવર થઈ નહિ હોવાનું જણાતા પોલીસે મહિલાના પતિની આકરી પૂછપરછ કરતા તેણે જ પત્નીને માથામાં હથોડી મારી દીધી હોવાની કબુલાત કરતા પોલીસે તેની ધરપકડ કરી લીધી હતી.

## અજાણ્યા લોકો હુમલો કરી ગયા હોવાની પોલીસ ફરિયાદ નોંધાવી હતી, પરંતુ પોલીસ તપાસમાં ભાંડો ફૂટી ગયો

લીંબાયતના મદનપુરા ગલી નંબર ૬માં પહેલા માળે રહેતા ૬૨ વર્ષીય વૃદ્ધ મહિલા બેબા લહુ પાટીલને બે અજાણ્યાઓએ માથાના ભાગે કોઈ બોથડ પદાર્થ મારીને નાસી ગયા હતા. વૃદ્ધ મહિલાને સારવાર માટે સ્મીમેર હોસ્પિટલમાં લઈ જવાયા હતા.

બનાવને પગલે લીંબાયત પોલીસ પણ ઘટના સ્થળે પહોચી હતી અને તપાસ શરુ કરી હતી.ઘરમાં કોઈ વસ્તુ વેરવિખેર પડી નહોતી તેમજ પોલીસે સીસીટીવી કેમરા ચેક કર્યા તો કોઈની પણ અવાર જવર જણાઈ નહોતી ઉપરાંત મહિલાના પતિની હિલચાલ પોલીસને શંકાસ્પદ જણાઈ હતી જેથી પોલીસે પતિ લહુ પાટીલની પૂછપરછ કરી હતી જેમાં તેણે પોતે જ પત્ની બેબાબેનને માથાના ભાગે હથોડી મારી દીધી હોવાની કબુલાત કરી લીધી હતી.

હકીકત એવી હતી કે મહિલા બેબાબેન ઘરમાં કોઈને કોઈ બાબતે ઝઘડો કરતા રહેતા હતા.પુત્રની પત્ની સાથે પણ નાની નાની વાતમાં ઝગડાઓ કરતી હતી અને વાતે વાટે ટોક ટોક કરતી હતી.થોડા સમય અગાઉ ગોડાદરા વિસ્તારમાં બેબાબેનની સાથે બનાવ બન્યો હતો જેમાં ગઠિયાઓ તેના સોનાના દાગીના ઉતરાવી ગયા હતા. તે પછી પતિ લહુ પાટીલએ તેણીને બીજા સોનાના દાગીના બનાવી આપ્યા હતા.ફરીવાર બેબાબેનને ગઠીયા ભેટી ગયા હતા અને સોનાના દાગીના ઉતરાવી ગયા હતા જેથી બેબાબેન બીજીવાર જીદે ચઢ્યા હતાસતત ઝગડાથી કંટાળીને લહુ પાટીલએ પત્ની બેબાબેનનું કાસળ કાઢી નાખવાને ઈરાદે માથાના ભાગે હથોડી મારી દીધી હતી અને બે અજાણ્યાઓ હુમલો કરી ગયા તેવી વાત ઉપજાવી કાઢી હતી.

# ૫૦ લાખની ખંડણીના કેસમાં આરોપીના જામીન મંજૂર

**સુરત, તા.૧૮**

ચોકબજાર સ્થિત ભરીમાતા ખાતે આવેલી જગ્યાની બનાવટી કબજા રસીદો બનાવી ગેરકાયદેસર પચાવી પાડવાની ધમકી આપી રૂ.50 લાખની ખંડણી માગવાના કેસમાં પ્રકાશચંદ્ર મહેતાના જામીન કોર્ટે મંજુર કર્યા હતા.

અડાજણ સરીતા સાગર સંકુલ સામે અક્ષર પ્લાઝા એપા.માં રહેતા અશોકકુમાર મોહન પટેલની ભરીમાતા ખાતે આવેલી માલિકીની જગ્યા છે. આ જગ્યા ઉપર આવેલા બે પ્લોટોના અરજણ ઉર્ફે અર્જુન રબારી તથા ભરત ઉર્ફે લાખા ભરવાડ બોધા સાટિયાએ બનાવટી કબ્જા રસીદો બનાવી હતી. અરજણ ઉર્ફે અર્જુન રબારી, ભરત ઉર્ફે લાખા ભરવાડ પોતાના સાગરિતો સાથે જગ્યાના માલિક અશોકકુમાર પટેલના ભાઈ મનીષ પટેલ પાસે પહોંચ્યા હતા. જ્યાં મનીષભાઈ સાથે ગાળાગાળી કરી જમીન પર ગેરકાયદેસરનો કબજો કરી લેવાની તેમજ જાનથી મારી નાંખવાની ધમકી આપી રૂ.50 લાખની ખંડણી માગી હતી. આ કેસમાં સંડોવાયેલા આરોપી પ્રકાશચંદ્ર મહેતાએ જામીન મુક્ત થવા એડવોકેટ અબ્દુલ રહીમ શેખ મારફતે સુરત કોર્ટમાં અરજી કરી હતી. કોર્ટે જામીન ઉપર મુક્ત કર્યા હતા.

# નિયોજન કેમિકલ્સે આવકમાં વાર્ષિક ટકાઉ પ્રદર્શન રજૂ કર્યુ

**સુરતઃ** નિયોજન કેમિકલ્સ લિમીટેડ (નિયોજન)એ 30 સપ્ટેમ્બર, 2023ના રોજ પૂરા થતા ત્રિમાસિક ગાળાના પોતાના નાણાંકીય પ્રદર્શનની રજૂઆત કરી છે. Q2 FY24માં વાર્ષિક 9%ની વૃદ્ધિ સાથે આવક રૂ. 161.7 કરોડ હતી. અન્ય પરિબળો ઉપરાંત વૈશ્વિક ઈન્વેન્ટરીમાં ઘટાડો, મહત્ત્વના નિકાસ બજારોમાં મંદી અને જિયોપોલિટીકલ અનિશ્ચિતતાઓને લઈને પડકારજનક બાહ્ય પર્યાવરણ વધુ તીવ્ર બન્યુ હોવા છતાં તે હાંસલ કરવામાં આવ્યુ હતું. તાજેતરના ક્ષમતા વિસ્તરણો, સ્થિર માગ અને બ્યુલી કેમના યોગદાને વૃદ્ધિના વેગને ટેકો આપ્યો હતો. ઈબીઆઈટીડીએમાં વાર્ષિક 7%નો વધારો થઈને રૂ. 25.9 કરોડ થઈ હતી. સુધારેલી પ્રોડક્ટમિક્સ અને મહત્ત્વના કાચામાલ અને RM ખર્ચમાં થયેલો ઘટાડો નફાકારકતામાં વૃદ્ધિનું પ્રદર્શન કરે છે.


**પશ્ચિમ રેલવે**

**સિગ્નલ અને ટેલિકોમ ગીયર્સ ના રીપેર અને મેઈન્ટેનન્સનું કામ**

સિનીયર ડીએસટીઈ/નોર્થ/મુંબઈ સેન્ટ્રલ,રજે માળે,ડિવિઝનલ રેલવે મેનેજર ઓફિસ,મુંબઈ - ૪૦૦૦૦૮ તરફથી નીચે જણાવેલા કામ માટે ટેન્ડર આમંત્રિત કરવામાં આવે છે. **ઈ-ટેન્ડર નોટીસ નં.: SG-623-1626-WA-NDB-AN dtd. 16-11-2023 કામનું નામ અને સ્થળ : એસએસઈ/નંદુરબાર અને અમલનેર સેક્શન મુંબઈ ડિવિઝન વેસ્ટર્ન રેલવે અંતર્ગત સિગ્નલ્સ,લોકેશન બોક્સીસ,પોઈન્ટ મશિન્સ વિ. જેવા ટેલિકોમ ગીયર્સ અને આઉટડોર સિગ્નલના રીપેર અને મેઈન્ટેનન્સનું કામ કામનો અંદાજિત ખર્ચઃ રૂ. ૪૫,૪૬,૯૮૬.૭૫/- ઈએમડી : રૂ. ૯૦,૯૦૦/- ટેન્ડર રજુ કરવાની તારીખ અને સમય :તા.૧૧.૧૨.૨૦૨૩ની બપોરે ૧૫.૦૦ કલાક સુધી. ખોલવાની તારીખ અને સમય :૧૧.૧૨.૨૦૨૩ના રોજ ૧૫.૩૦ કલાકે** ટેન્ડર અમારી વેબસાઈટ www.ireps.gov.in ઉપર જોઈ શકાશે. 0850

અમને લાઈક કરો facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે**

**પીવાનું પાણી પુરૂં પાડવા અંગે**

ડીવિઝનલ રેલવે મેનેજર ( ડબલ્યુ એ ) ,પશ્ચિમ રેલવે, મુંબઈ સેન્ટ્રલ,મુંબઈ - ૪૦૦૦૦૮ તરફથી નીચે જણાવેલા કામ માટે ટેન્ડર આમંત્રિત કરવામાં આવે છે. **ટેન્ડર નોટીસ નં. અને તારીખ : BCT/23-24/216 dtd. 16-11-2023 કામનું નામ અને સ્થળ : ઉધના - જલગાંવ સેક્શન : વિખરન રોડ બે વર્ષ સુધી સ્ટેશન,પ્લેટફોર્મ અને સ્ટાફ ક્વાર્ટર્સમાં દર રોજ ૧૫૦૦૦ લિટર પીવાનું પાણી પુરૂ પાડવાની વ્યવસ્થા કામનો અંદાજિત ખર્ચઃ રૂ. ૭,૩૨,૯૯૩/- ઈએમડી : રૂ. ૧૪,૭૦૦/- ટેન્ડર રજુ કરવાની તારીખ અને સમય :તા.૦૮.૧૨.૨૦૨૩ની બપોરે ૧૫.૦૦ કલાક સુધી. ખોલવાની તારીખ અને સમય :૦૮.૧૨.૨૦૨૩ના રોજ ૧૫.૩૦ કલાકે** ટેન્ડર ડોક્યુમેન્ટની કિંમત (નોન રીફંડેબલ) ,ઈએમડી,યોગ્યતા તથા સમાન કામ તથા ટેન્ડરના વિગતવાર નિયમો અને શરતો માટે અમારી વેબસાઈટ **www.ireps.gov.in** ની મુલાકાત લો. હસ્ત લિખિત ઓફરો સ્વીકારાશે નહીં. 0847

અમને લાઈક કરો facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે**

**સુધારો**

**ટેન્ડર નં : EL-TRD-W-118-21-22-15-R Dated : 23/10/2023** સંબંધે. ખોલવાની તારીખ **૧૭/૧૧/૨૦૨૩** લંબાવવામાં આવી છે અને હવે એ ટેન્ડર **તા.૨૪.૧૧.૨૦૨૩**ના રોજ ખુલશે. અન્ય તમામ નિયમો અને શરતો એમની એમ જ રહેશે. 0852

અમને લાઈક કરો facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે**

**સિગ્નલીંગનું કામ**

સિનીયર ડીએસટીઈ/નોર્થ/મુંબઈ સેન્ટ્રલ,રજે માળે,ડિવિઝનલ રેલવે મેનેજર ઓફિસ,મુંબઈ - ૪૦૦૦૦૮ તરફથી નીચે જણાવેલા કામ માટે ટેન્ડર આમંત્રિત કરવામાં આવે છે. **ઈ-ટેન્ડર નોટીસ નં.: SG-216-2-92-WA-ABSS-03 Stn dtd. 16-11-2023 કામનું નામ અને સ્થળ : મુંબઈ ડિવિઝનના ઉધના-જલગાંવ સેક્શનના અમલનેર,બારડોલી અને ધરણગાંવ સ્ટેશનો ઉપર નવા ૧૨ મી. પહોળા એફઓબીના બાંધકામ સંબંધિત એબીએસએસ સહિત સિગ્નલીંગનું કામ. કામનો અંદાજિતખર્ચઃ રૂ. ૬૯,૮૫,૭૨૭/- ઈએમડી : રૂ. ૧,૩૯,૭૦૦/- ટેન્ડર રજુ કરવાની તારીખ અને સમય :તા.૧૧.૧૨.૨૦૨૩ની બપોરે ૧૫.૦૦ કલાક સુધી. ખોલવાની તારીખ અને સમય :૧૧.૧૨.૨૦૨૩ના રોજ ૧૫.૩૦ કલાકે** ટેન્ડર અમારી વેબસાઈટ **www.ireps.gov.in** ઉપર જોઈ શકાશે 0849

અમને લાઈક કરો facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે**

**સુધારો**

**ટેન્ડર નં : EL-TRD-W-118-21-22-13-R-1 Dated : 20/10/2023** સંબંધે. ખોલવાની તારીખ **૧૭/૧૧/૨૦૨૩** લંબાવવામાં આવી છે અને હવે એ ટેન્ડર **તા.૨૪.૧૧.૨૦૨૩**ના રોજ ખુલશે. અન્ય તમામ નિયમો અને શરતો એમની એમ જ રહેશે. 0854

અમને લાઈક કરો facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે**

**સુધારો**

**ટેન્ડર નં : EL-TRD-W-118-21-22-18-R Dated : 23/10/2023** સંબંધે. ખોલવાની તારીખ **૧૭/૧૧/૨૦૨૩** લંબાવવામાં આવી છે અને હવે એ ટેન્ડર **તા.૨૪.૧૧.૨૦૨૩**ના રોજ ખુલશે. અન્ય તમામ નિયમો અને શરતો એમની એમ જ રહેશે. 0857

અમને લાઈક કરો facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે**

**સુધારો**

**ટેન્ડર નં : EL-TRD-W-118-21-22-17-R Dated : 23/10/2023** સંબંધે. ખોલવાની તારીખ **૧૭/૧૧/૨૦૨૩** લંબાવવામાં આવી છે અને હવે એ ટેન્ડર **તા.૨૪.૧૧.૨૦૨૩**ના રોજ ખુલશે. અન્ય તમામ નિયમો અને શરતો એમની એમ જ રહેશે. 0851

અમને લાઈક કરો facebook.com/WesternRly


# સુરત મહાનગરપાલિકા

«««««««*»»»»»»»

## સુ ચ ના

«««*»»»

સુરત મહાનગરપાલિકાની માસિક સાધારણ સભા **તા.૨૮-૧૧-૨૦૨૩** ના રોજ સાંજના **૪-૦૦** કલાકે મહાનગરપાલિકા કચેરીના **"સરદાર વલ્લભભાઈ પટેલ સભાગૃહ"** માં નીચે જણાવેલ કામોની વિચારણા કરવા સારૂ મળશે.

**સ્થાયી સમિતિના કામો :-**

૧. ઠ.નં.૧૬૬૯, સ્મીમેર કોલેજ ખાતે ઠરાવમાં જણાવેલ વિગતે અજમાયશી ધોરણે ફરજ બજાવતા આસી. પ્રોફેસરોને કાયમ કરવા બાબત.
૨. ઠ.નં.૧૬૭૦, ટી.પી.૨૮ (અલથાણ-ભટાર), અલથાણ હેલ્થ સેન્ટર અને પ્રસુતિગૃહના બિલ્ડીંગને ઉતારી પાડી તેની સ્ક્રેપ વેલ્યુ રૂા.૬,૫૦,૦૩૦-૭૨ મંજુર કરવા બાબત.
૩. ઠ.નં.૧૬૯૯, ગુજરાત રાજય યોગ બોર્ડને યોગ સ્નેહ મિલનના કાર્યક્રમ માટે સરદાર પટેલ સ્મૃતિ ભવન તા.૩-૧૨-૨૦૨૩ ના રોજ વિનામૂલ્યે ફાળવવાનું સા.સભાની મંજુરીની અપેક્ષાએ મંજુર કરવામાં આવેલ તેને બહાલી આપવા બાબત.
૪. ઠ.નં.૧૭૪૯, મહા.માં આવેલ ટ્રાફિક આઈલેન્ડ/સર્કલ બાબતે ઠરાવમાં જણાવેલ વિગતે નિયત કરવામાં આવેલ પોલીસીના મુદ્દા નં.૧૨ માં સુધારો કરવાનું તેમજ અન્ય જોગવાઈઓ યથાવત રાખવાનું સા.સભાની મંજુરીની અપેક્ષાએ મંજુર કરવામાં આવેલ તેને બહાલી આપવા બાબત.
૫. ઠ.નં.૧૮૦૧, સાઉથ ઝોન-એ, શાસ્ત્રીનગર ખટોદરા ખાતે વેજીટેબલ માર્કેટમાં આવેલ બંધ પડેલ સ્ટોર રૂમને તોડી પાડવા માટે સ્ક્રેપ વેલ્યુ રૂા.૩૧,૩૪૦/- મંજુર કરવા બાબત.
૬. ઠ.નં.૧૮૦૨, Dubai ખાતે યોજાનાર Local Climate Action Summit માં ભાગ લેવા માટે માન.મેયરશ્રી દક્ષેશકુમાર કિશોરભાઈ માવાણી તેમજ મ્યુનિ.કમિશનર, શ્રીમતી શાલિની અગ્રવાલ આઈ.એ.એસ. ને વિદેશ પ્રવાસ જવાની મંજુરી આપવાનું તથા સરકારશ્રીની મંજુરી મેળવવાની કાર્યવાહી કરવા માટે મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવાનું સા.સભાની મંજુરીની અપેક્ષાએ મંજુર કરવામાં આવેલ તેને બહાલી આપવા બાબત.
૭. ઠ.નં.૧૮૦૩, મદદનીશ પોલીસ કમિશનરશ્રીને ઠરાવમાં જણાવેલ વિગતે પંડિત દીનદયાળ ઉપાધ્યાય ઈન્ડોર સ્ટેડિયમ ફક્ત વિના ભાડે ફાળવવાનું સા.સભાની મંજુરીની અપેક્ષાએ મંજુર કરવામાં આવેલ તેને બહાલી આપવા બાબત.

**આરોગ્ય સમિતિનું કામ :-**

૮. ઠ.નં.૮૬, શહેર સુરતમાંથી ઉત્પન્ન થતા ઘનકચરાના વ્યવસ્થાપન, પ્રોસેસીંગ, ટ્રીટમેન્ટ તથા ડિસ્પોઝલની કામગીરીઓ માટે મોજે: ઉબેર ખાતેની જગ્યા પર સેન્ટ્રલાઈઝ વેસ્ટ મેનેજમેન્ટ પાર્ક બનાવવાના કામે ઠરાવમાં જણાવેલ વિગતે નિર્ણય લેવા બાબત.

**જાહેર બાંધકામ સમિતિના કામો :-**

૯. ઠ.નં.૯૩૩, સાઉથ વેસ્ટ ઝોન, અઠવાગેટથી ઓ.એન.જી.સી. ચાર રસ્તા સુધીના આઈકોનીક રોડ તરીકે ડેવલપ કરવાના રૂા.૧૮,૮૦,૦૦,૦૦૦/- ના ગ્રોસ અંદાજ મંજુર કરવા તેમજ અંદાજ મંજુરીની અપેક્ષાએ ટેન્ડર બહાર પાડવાની મંજુરી સા.સભાની મંજુરીની અપેક્ષાએ આપવામાં આવેલ તેની બહાલી આપવા બાબત.
૧૦. ઠ.નં.૯૩૪, સાઉથ વેસ્ટ ઝોન, એરપોર્ટ રોડને એરપોર્ટ ગેટથી કુવાડા જંકશન સુધી આઈકોનીક રોડ તરીકે ડેવલપ કરવાના રૂા.૧૩,૩૦,૦૦,૦૦૦/- ના ગ્રોસ અંદાજ મંજુર કરવા તેમજ અંદાજ મંજુરીની અપેક્ષાએ ટેન્ડર બહાર પાડવાની મંજુરી સા.સભાની મંજુરીની અપેક્ષાએ આપવામાં આવેલ તેની બહાલી આપવા બાબત.
૧૧. ઠ.નં.૯૩૫, સાઉથ વેસ્ટ ઝોન, વાય જંકશનથી સોસીયો સર્કલ સુધીના રસ્તાને આઈકોનીક રોડ તરીકે ડેવલપ કરવાના રૂા.૧૮,૫૩,૦૦,૦૦૦/- ના ગ્રોસ અંદાજ મંજુર કરવા તેમજ અંદાજ મંજુરીની અપેક્ષાએ ટેન્ડર બહાર પાડવાની મંજુરી સા.સભાની મંજુરીની અપેક્ષાએ આપવામાં આવેલ તેની બહાલી આપવા બાબત.
૧૨. ઠ.નં.૯૩૬, ટી.પી.૫ (ઉમરા-નોર્થ), સરકારી કર્મચારી હા.સોસા. (એસ.કે.પાર્ક) ના રસ્તાઓને સિમેન્ટ કોંક્રીટના બનાવવાના રૂા.૩૨,૦૧,૦૦૦/- ના ગ્રોસ અંદાજ મંજુર કરવા બાબત.
૧૩. ઠ.નં.૯૩૭, પ્રિ.ટી.પી.૪૦ (લિંબાયત-ડીંડોલી) અને ડ્રા.ટી.પી.૬૧(પરવત-ગોડાદરા), મહર્ષિ આસ્તિક સ્કુલથી ગોડાદરા ડબલ ફાટક સુધીનાં રસ્તાને રીકારપેટ કરવાના રૂા.૧,૮૬,૭૧,૦૦૦/- ના ગ્રોસ અંદાજ મંજુર કરવા બાબત.
૧૪. ઠ.નં.૯૩૮, ટી.પી.૧૭ (ફુલપાડા), નવી શકિતવિજય સોસા.ના રસ્તાઓને સિમેન્ટ કોંક્રીટના બનાવવાના રૂા.૮૪,૦૩,૦૦૦/- ના ગ્રોસ અંદાજ મંજુર કરવા બાબત.
૧૫. ઠ.નં.૯૩૯, ડ્રા.ટી.પી-૫૬ (બમરોલી), મહાદેવનગર અને વિનાયકનગર માંથી પસાર થતા રસ્તાને રીકારપેટ કરવાના રૂા.૩૨,૭૦,૦૦૦/- ના ગ્રોસ અંદાજ મંજુર કરવા બાબત.
૧૬. ઠ.નં.૯૪૦, ટી.પી.૭(આંજણા), ટી.પી.૮ (ઉમરવાડા) માં રસ્તાઓ પર ફુટપાથ બનાવવાનું અને વોટર ટેબલ સેટ/રીસેટ કરવાના રૂા.૬૨,૮૬,૦૦૦/- ના ગ્રોસ અંદાજ મંજુર કરવા બાબત.
૧૭. ઠ.નં.૯૪૧, પ્રિ.ટી.પી.૪૧ (ડીંડોલી), ડીંડોલી મેઈન રોડથી ચેતન નગર થઈ પ્રમુખ પાર્ક બ્રિજ સુધીનાં રસ્તાને રીકારપેટ કરવાના રૂા.૪૮,૯૩,૦૦૦/- ના ગ્રોસ અંદાજ મંજુર કરવા બાબત.
૧૮. ઠ.નં.૯૪૨, ડ્રા.ટી.પી.૬૨ (ડીંડોલી-ભેસ્તાન-ભેદવાડ), સુરત-ભુસાવલ રેલ્વે લાઈનથી ઘરડીમાતા મંદીર સુધીનાં રસ્તાને રીકારપેટ કરવાના રૂા.૯૬,૭૨,૦૦૦/-ના ગ્રોસ અંદાજ મંજુર કરવા બાબત.
૧૯. ઠ.નં.૯૪૩, ટી.પી.૯ (મજુરા), દિનબંધુ સોસા.ના રસ્તાઓને સિમેન્ટ કોંક્રીટના કરવાના રૂા. ૫૬,૩૧,૦૦૦/- ના ગ્રોસ અંદાજ મંજુર કરવા બાબત.
૨૦. ઠ.નં.૯૪૪, પ્રિ.ટી.પી.૫૭ (પાંડેસરા), આકાશ પાર્ક સોસા.ના રસ્તાઓને સિમેન્ટ કોંક્રીટના કરવાના રૂા.૧,૦૪,૨૯,૦૦૦/- ના ગ્રોસ અંદાજ મંજુર કરવા બાબત.
૨૧. ઠ.નં.૯૪૫, ટી.પી.૧ (ઉધના-મજુરા), હરી નગર-૧ સોસા.ના રસ્તાને સિમેન્ટ કોંક્રીટના કરવાના રૂા. ૫૬,૦૧,૦૦૦/- ના ગ્રોસ અંદાજ મંજુર કરવા બાબત.
૨૨. ઠ.નં.૯૪૬, ડ્રા.ટી.પી.૫૮ (બમરોલી), ગણેશ નગર સોસા.ના રસ્તાને સિમેન્ટ કોંક્રીટના કરવાના રૂા.૧,૧૪,૩૩,૦૦૦/- ના ગ્રોસ અંદાજ મંજુર કરવા બાબત.

**ગટર સમિતિના કામો :-**

૨૩. ઠ.નં.૨૦૭, પ્રિ.ટી.પી.૪૦ (લિંબાયત-ડીંડોલી), રંગીલા નગર-૨ સોસા.ના રસ્તાઓ ઉપર ડ્રેનેજ લાઈન નાંખવાના રૂા.૩૭,૮૨,૦૦૦/- ના ગ્રોસ અંદાજ મંજુર કરવા બાબત.
૨૪. ઠ.નં.૨૦૮, પ્રિ.ટી.પી.૨૦ (પુણા), સહયોગ સોસા.-૧, ૨, હસ્તીનાપુર, અશોક વાટીકા વિગેરે સહિત લાગુ વિસ્તારના રસ્તાઓ ઉપર ડ્રેનેજ નેટવર્ક ઓગમેન્ટેશન કરવાના રૂા.૧,૦૦,૭૬,૦૦૦/- ના ગ્રોસ અંદાજ મંજુર કરવા બાબત.
૨૫. ઠ.નં.૨૦૯, ટી.પી.૮ (ઉમરવાડા), કાલીદાસનગર સોસા.ના રસ્તા ઉપર ડ્રેનેજ લાઈન નાંખી કનેક્શન લાઈન નાંખવાના રૂા.૩૬,૯૫,૦૦૦/- ના ગ્રોસ અંદાજ મંજુર કરવા બાબત.
૨૬. ઠ.નં.૨૧૪, પ્રિ.ટી.પી.૪૯ (કતારગામ), પંચવટી સોસા. (સુચિત) ના રસ્તા ઉપર ડ્રેનેજ લાઈન નાંખી કનેક્શન પાઈપ નાંખવાના રૂા.૨૬,૫૫,૦૦૦/- ના ગ્રોસ અંદાજ મંજુર કરવા બાબત.

**અન્ય પરચુરણ કામોઃ-**

૨૭. સભ્યશ્રી નાગરભાઈ અંબારામભાઈ પટેલની રજા મંજુર કરવા બાબત.
૨૮. સભ્યશ્રી વિનોદભાઈ મોહનભાઈ પટેલની રજા મંજુર કરવા બાબત.
૨૯. સભ્યશ્રી કિરણકુમાર ભગવાનભાઈ ખોખાણી (રમતો જોગી) ની રજા મંજુર કરવા બાબત.
૩૦. સભ્યશ્રી શરદભાઈ નામદેવ પાટીલની રજા મંજુર કરવા બાબત.
૩૧. સભ્યશ્રી પરેશભાઈ રમેશચંદ્ર પટેલની રજા મંજુર કરવા બાબત.
૩૨. સભ્યશ્રી ધર્મેશભાઈ જયંતિભાઈ ભંડેરીની રજા મંજુર કરવા બાબત.

**આદેશથી,**
**(શરદચંદ્ર આર.પટેલ)**
**ઈ.ચા. મ્યુ.સે ક્રે ટ રી,**
**સુરત મહાનગરપાલિકા.**

**મહાનગરપાલિકા કચેરી,**
**સુરત, તા.૧૮ -૧૧-૨૦૨૩.**


# ઈ-હરાજી વેચાણ નોટીસ

**તા. 20-12-2023 | બપોરે 2.00 થી 6.00**

**ક્ષેત્રીય કાર્યાલય, સુરત શહેરી ક્ષેત્ર, બરોડા સન કોમ્પલેક્ષ, ઘોડદોડ રોડ, સુરત - ફોન : 0261-2294808/4714**

बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda

**સિક્યુરિટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શીયલ એસેટ્સ અને એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ 2002ની સાથે સિક્યોરીટી (ઈન્ટરેસ્ટ) એક્ટ 2002ના રૂલ્સ 6(2) અને રૂલ્સ 8(6) સાથે વંચાણમાં લેતા સ્થાયી મિલકત માટે ઈ-હરાજી દ્વારા વેચાણ.**

આથી જાહેર જનતાને સામાન્ય રીતે અને ખાસ કરીને કરજદાર (ઓ) / ગીરો અને જામીનદાર (ઓ)ને સૂચના આપવામાં આવે છે કે નીચે વર્ણવેલ સ્થાવર / જંગમ મિલકત સિક્યોર્ડ લેણદારને ગીરો / ચાર્જ કરવામાં આવી છે, જેનો કબજો ધિરાણકર્તા દ્વારા લેવામાં આવ્યો છે.બેંક ઓફ બરોડાના અધિકૃત અધિકારી, સિક્યોર્ડ ક્રેડિટર, 'જેમ છે ત્યાં છે', 'જેમ છે તેમ', 'જે છે તે' અને 'આશ્રય વિના' ના આધારે નીચે દર્શાવેલ ખાતા/ઓમાંથી લેણાંની વસૂલાત માટે વેચવામાં આવશે.

| ક્રમ | શાખા | દેવાદાર/ડીમાન્ડ નોટીસની તારીખ | મિલકતનામાલિક | મિલકતોનું વર્ણન(ક્ષેત્રફળ અને કબજાની તારીખ સાથે ) | મિલકતનો પ્રકાર | બાકી રકમ (રૂ. લાખમાં) | અનામત કિંમત (રૂ. લાખમાં) | ઈએમડી (રૂ. લાખમાં) | કબજાનો પ્રકાર | સંપર્ક અધિકારીનું નામ અને નંબર |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | પ્રાઈમ આર્કેડ | હરીશ શાંતિલાલ રાવલ / 04.05.2021 | હરીશ શાંતિલાલ રાવલ | રે.સ.નં.૭૮,બ્લોક નં.૧૦૧/એ,ડ્રાફ્ટ ટીપી સ્કીમ નં.૨૧(અંત્રોલી-વાંકાનેડા-ચલથાણ) ફ્લેટ નં.૩૦૪,ત્રીજા માળે,બિલ્ડીંગ નં.-એ,શિવ રેસિડેન્સી,રેલવે ક્રોસિંગની સામે,ચલથાણ-નિયોલ રોડ,વાંકાનેડા,પલસાણા,સુરત-૩૯૪૩૦૫ ક્ષેત્રફળ ૪૨.૨૭ ચો.મી. | રહેણાંક ફ્લેટ | 8.86 | 6.8 | 0.68 | વાસ્તવિક | કુ.મનિષા ચૌધરી 8980026723 |
| 2 | પાલ | દિના નાથ પટેલ / 10.11.2021 | અજગરાહીન દિનાનાથ પટેલ અને દિનાનાથ રામબોધ પટેલ | રે.સ.નં.૬૫,બ્લોક નં.૯૬,પ્લોટ નં.૨૦૭,સર્જન રેસિડેન્સી,રાશિ રેસિડેન્સીની પાછળ,સ્વર્ગ વિલા રેસિડેન્સી નજીક,ગંગાધરા-કારેલી રોડ,કારેલી,પલસાણા,સુરત-૩૯૪૩૧૦ ક્ષેત્રફળ ૪૦.૧૫ ચો.મી. | રહેણાંક ગાળા ટાઈપ | 7.2 | 8.3 | 0.83 | વાસ્તવિક | કુ.બિંદુરાની દાસ 8980026753 |
| 3 | ઉધના મગદલ્લા | જાવિદ યુસુફ કુરેશી/ 11.08.2023 | કુરેશી ટીપુ યુસુફ,જાવિદ યુસુફ કુરેશી અને કુરેશી રઝીયા યુસુફ | બ્લોક/રે.સ.નં.૨૭૪,પ્લોટ નં.૨૧,સફિના પાર્ક, રાજ મદિના સોસાયટી નજીક,સુરત-પલસાણા રોડ,મોજે ઈટાલવા,તા.પલસાણા,સુરત-૩૯૪૩૧૫ ક્ષેત્રફળ ૪૪.૫૯ ચો.મી. | રહેણાંક ગાળા ટાઈપ | 11.54 | 9.39 | 0.94 | વાસ્તવિક | કુ. ગાયત્રી શર્મા 8980026738 |
| 4 | ઉધના મગદલ્લા | રતિલાલ માધુભાઈ પાટીલ/ 13.07.2022 | રતિલાલ માધુભાઈ પાટીલ | રે.સ.નં.૯૮,બ્લોક નં.૧૨૬,પ્લોટ નં.૨૪,સિધ્ધિ વિનાયક રેસિડેન્સી,શિવ સાગર રેસિડેન્સી નજીક,સુરત-બારડોલી રોડ,મોજે બગુમરા,તા.પલસાણા,સુરત-૩૯૪૩૧૦ ક્ષેત્રફળ ૬૨.૯૦ ચો.મી. | રહેણાંક ગાળા ટાઈપ | 16.93 | 12.37 | 1.24 | વાસ્તવિક | કુ. ગાયત્રી શર્મા 8980026738 |

**કરજદાર / જામીનદાર / મોર્ગેજરને સરફેસી એક્ટ હેઠળ 30 દિવસીય કાયદાકીય વેચાણ નોટીસ**

વેચાણના નિયમો અને શરતો અંગેની વધુ માહિતી માટે https://www.bankofbaroda.in/e-auction.htm,https://ibapi.in તથા ફોન : 0261-2294808/4714 અને www.mstcecommerce.com નો સંપર્ક કરો.

વેચાણના નિયમો અને શરતો અંગેની વધુ માહિતી માટે QR CODE સ્કેન કરો

સ્થળ : સુરત. | તારીખઃ 18-11-2023 (આ હરાજી નોટીસનું અંગ્રેજીમાંથી અન્ય ભાષામાં અનુવાદ કરતી વખતે કોઈ ક્ષતિ થયેલ જણાશે તો અસલ અંગ્રેજી લખાણ જ માન્ય ગણાશે) અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા.